**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

૧૬ જુન, ૨૦૨૦/૬૨૭૮

**શ્રી નીતિનભાઈ પટેલ**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય

**વિષયઃ પેટ્રોલ ડીઝલના ભાવમાં ગુજરાતમાં પ્રતિ લીટર રૂા.૨/- ના વધારા અંગે ફેરવિચારણા કરવા.**

**માનનીયશ્રી નીતિનભાઈ,**

આપની કુશળતા ઈચ્છુ છું.

આપ વિદિત છો તેમ હાલમાં **COVID-19** મહામારીને કારણે વેપાર-ઉદ્યોગ જગત તેમજ સમાજના બધાજ ક્ષેત્રના લોકો ગંભીર આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યા છે. આ મહામારીને કારણે ઉદ્યોગોને મોટું નુકશાન થયું છે જેના ફળસ્વરૂપે કર્મચારી અને મજુર વર્ગને પણ ખૂબ આકરા સમયમાંથી પસાર થવું પડી રહ્યું છે.

આવા સમયમાં બધા જ નાગરિકો રાજ્ય સરકાર પાસેથી વધુમાં વધુ છુટછાટો અને સહાયની અપેક્ષા રાખે છે જેથી તેમને આ પરિસ્થિતિમાંથી ઝડપથી બહાર આવવા મદદ મળી રહે. આને ધ્યાનમાં રાખીને સરકારશ્રી દ્વારા સમયાંતરે વિવિધ છુટછાટો તેમજ સહાય પેકેજ જાહેર કરવામાં આવેલ છે જેને અમે આવકારીએ છીએ.

પરંતુ નાણાં વિભાગ દ્વારા હાલમાં જાહેર કરવામાં આવેલ પટ્રોલ-ડીઝલના ભાવમાં સંપૂર્ણ રાજ્યમાં લીટર દીઠ રૂા.૨/- ના વધારાને કારણે વેપાર-ઉદ્યોગ તેમજ બધા જ નાગરિકોમાં આશ્ચર્ય અને દુઃખની લાગણી વ્યાપી રહેલ છે. હાલના સમયમાં જ્યારે ક્રુડના ભાવોમાં વૈશ્વિક સ્તરે નોંધપાત્ર ઘટાડો થયેલ છે ત્યારે આપણાં રાજ્યમાં આ મોટો ભાવ વધારો સમયસંગત જણાતો નથી.

આ ભાવ વધારાને કારણે એકબાજુ વેપાર-ઉદ્યોગના પરિવહન ખર્ચમાં વધારો થશે ત્યાં બીજી બાજુ નીચલા અને મધ્યમ વર્ગના કર્મચારીઓ અને મજુરોને મોટો ફટકો પડશે. આથી આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે આ ભાવ વધારા અંગે ફેરવિચારણા કરવામાં આવે અને શક્ય હોય તો આ ભાવ વધારાને પાછો ખેંચવામાં આવે જેથી રાજ્યના નાગરિકોને અને વેપાર-ઉદ્યોગોને આ આકરા સમયમાં વધારાનો આર્થિક બોજો ન પડે.

આપના સકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

દુર્ગેશ બુચ
*પ્રમુખ*

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના :**

૧. **શ્રી અનિલ મુકીમ (IAS),** ચીફ સેક્રેટરી, ગુજરાત રાજ્ય
૨. **શ્રી પંકજ જોષી (IAS),** અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, ગુજરાત રાજ્ય